**શ્રી શક્તિસિંહ ગોહિલનું કાર્યાલય**

રાષ્ટ્રીય પ્રવક્તા, એ.આઈ.સી.સી અને , પ્રભારી બિહાર

http://www.shaktisinhgohil.com

**અખબારીયાદી** **તા.૧૭.૧૧.૨૦૧૮**

ગુજરાતની ભાજપની સરકારની ખેડૂત વિરોધી, ભ્રષ્ટ અને અણ આવડતવળી અણઘડ નીતિના કારણે નાફેડ દ્વારા ગુજરાતમાંથી મગ, અડદ, તુવેર તેમજ મગફળી (શીંગ)ની ચાલુ વર્ષે એટલે કે, ૨૦૧૮/૨૦૧૯મ ખરીદી નહિ કરવાનો નિર્ણય. ખેડૂતો માટે અતિશય નુકશાન કારક આ નિર્ણય કરતો નાફેડનો તા:૧૫/૧૧/૨૦૧૮નો ભારતના કૃષિ મંત્રાલયને લખાયેલો પત્ર પ્રેસ અને મીડીયાને આપીને શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ગુજરાતની ભાજપની સરકારનાં ભ્રષ્ટ અને અણઘડ વહીવટનો ભોગ ગુજરાતના ખેડૂતો બન્યા છે. નાફેડ દ્વારા પોતાના પત્રમાં સ્પષ્ટ લખાયું છે કે, ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૭/૧૮ માં જે ખરીદી ગુજરાત સ્ટેટ વેર હાઉસિંગ કોર્પોરેશન મારફત કરી હતી તેના ગોડાઉનોની સાયન્ટીફીક તપાસમાં બહાર આવ્યું છે કે, ગોડાઉનોની ગુણવત્તા જાળવવામાં આવી નહતી. ગોડાઉનો માટેની નિર્ધારિત પ્રક્રિયા કે જે પુરવઠાની સલામતી અને જાળવણી માટે હોય છે તેને જાળવવામાં આવી ન હતી. ગોડાઉનોમાં આગ લાગવાના બનાવો બન્યા હતા એટલું જ નહિ પરંતુ જથ્થામાં ભેળસેળ કરવાના કિસ્સાઓ પણ બહાર આવ્યા છે. એવું પણ ધ્યાને આવ્યું છે કે, કોઈપણ પુરતી કાળજી કે સલામતીના પગલાં લેવામાં આવ્યા નહોતા. અતિશય ગંભીર રીતે સ્ટાફની અછત પણ જોવા મળી હતી. ગુજરાત સરકારે ભાડે રાખેલા ગોડાઉનો કે જ્યાંથી ખરીદી કરવાની હતી એવા એરિયાથી અતિશય દુર અને કેટલાક કીસ્સાઓમાં તો 300 કી.મી.ની દુરી પર ભાડે ગોડાઉનો રાખવામાં આવ્યા હતા જેના કારણે નાફેડ દ્વારા ગોડાઉનમાં સંગ્રહિત માલની યોગ્ય તપાસ (scientific appropriation) શક્ય ના હતી. નાફેડ દ્વારા ગુજરાત સરકારની ઉપરોક્ત દર્શાવેલી અનેક નિષ્ફળતાઓ ઉજાગર કરીને જણાવ્યું છે કે નાફેડ હવે ગુજરાતમાંથી ખેડૂતોની ખેત પેદાશ જેવી કે, મગ, અડદ, તુવેર કે મગફળીની ખરીદી નહિ કરે.

નાફેડ દ્વારા પોતાના પત્રમાં એક વધારે ગંભીર બાબતનો ઉલ્લેખ કરીને જણાવ્યું હતું કે, ગુજરાત સરકારે ખરીફ ૨૦૧૭/૧૮ દરમ્યાન જે મગફળી ખરીદી હતી તેનો ઉપયોગ કરવાનું કમીટમેન્ટ આપેલ હોવા છતાં PDS અંતર્ગત આ વચનબધ્ધતાનું હજુ સુધી કોઈ પાલન કરવામાં આવ્યું નથી. ૩.૩૭ લાખ મેટ્રિક ટન જેટલી મગફળીનો સ્ટોક હજુપણ ગોડાઉનોમાં પડી રહેલો છે. અને પરિણામે ખુબ જ મોટું આર્થિક નુકશાન ભોગવવાનો વારો આવશે તેમજ ખરીદી માટે જગ્યા પણ ઉપલબ્ધ નથી બની.

નાફેડે જણાવ્યું હતું કે, રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, કર્નાટકા, તેલંગાણા અને તામીલનાડુ જેવા રાજ્યોમાં નાફેડ ખરીદી કરી રહી છે ગુજરાતમાં ૨૦૧૮/૧૯ દ્વારા ખેડૂતોની ખેત પેદાશની કોઈ ખરીદી નાફેડ નહિ કરે.

ગુજરાતમાં ખેડૂતોની મુશ્કેલીમાં અતિશય મોટો વધારો ગુજરાત સરકારની ગુનાહિત બેદરકારીના કારણે થયો છે ત્યારે કોંગ્રેસ પક્ષનાં રાષ્ટ્રીય પ્રવક્તા અને બિહાર પ્રભારી શ્રી શક્તિસિંહ ગોહિલે ગુજરાત સરકારને પ્રશ્નો પૂછ્યા છે કે,

૧. નાફેડ દ્વારા ઉપસ્થિત કરાયેલા અતિ ગંભીર મુદ્દાઓ અંગે જવાબદાર કોણ ?
૨. નાફેડ દ્વારા ઉપસ્થિત કરાયેલ અતિ ગંભીર મુદ્દાઓની તપાસ હાઈકોર્ટ નાં સીટીંગ જજ દ્વારા સરકાર કરવા માંગે છે કે કેમ ?
૩. નાફેડ દ્વારા ખરીદી બંધ કરવાનાં નિર્ણયથી ખેડૂતોને જે પારાવાર નુકશાન જશે તેને સરકાર કઈ રીતે સરભર કરશે.

---

પ્રતિ, તંત્રીશ્રી, સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિધ્ધ કરવા માન. શક્તિસિંહ ગોહિલે વિનંતી કરેલ છે.

**(બીપીન શુક્લ)**
અંગત સચિવ

NAFED
*60 Years in Service*

HO/PSS/Pulses & Oilseeds/2018-19 15th November, 2018

Director (MPS)
Ministry of Agriculture and Farmers Welfare
Deptt. of Agriculture, Cooperation and Farmers Welfare
Government of India
Krishi Bhawan
New Delhi - 110 001

**Sub: Implementation of PSS operations for procurement of Green Gram, Black Gram, Tur (Arhar) and Groundnut during Kharif 2018-19 in the State of Gujarat – reg.**

Sir,

I am directed to refer to your letters No. L-15016/108/109/110/2018-MPS dated 13th November, 2018 & letter No. L-15016/111/2018-MPS dated 15th November, 2018 on the above subject and to submit the following :

(i) NAFED vide its letter dated 17th October, 2018 addressed to Joint Secretary (Cooperation), DAC & FW has informed that the limited manpower available with NAFED has been engaged in disposal of procured stock of Pulses and Oilseeds, supply of pulses to Army, CPMFs and State Governments under various welfare schemes. Further, NAFED is undertaking procurement of Pulses and Oilseeds under PSS in the States of Rajasthan, Madhya Pradesh, Maharashtra, Karnataka, Telangana & Tamil Nadu, Haryana and making preparation for procurement in the State of Uttar Pradesh. So, the field functionaries & staff of general cadre of NAFED are fully engaged and, therefore, it will be difficult for NAFED to undertake the procurement in other States including Gujarat.

(ii) NAFED has conveyed its comments on appointment of Gujarat State Civil Supplies Corporation (GSCSC) as SLS for procurement of Pulses and Oilseeds under PSS during Kharif 2018-19 in the State of Gujarat, which is not in consonance with PSS guidelines. Further, it may be ascertained from State Government, whether GSCSC is having sufficient experience in procurement of Pulses & Oilseeds as well as handling PSS operations.

(iii) NAFED has also conveyed its comments on allowing the packing of Groundnut in 30 Kg instead of normal 35 Kg packing which have financial implications.

(iv) NAFED being a Cooperative Marketing Federation has been undertaking the PSS operations through State Marketing Federations and Primary Cooperative Societies. Thus, the procurement channel other than Cooperative Institutions may not be suitable for NAFED. It may be mentioned that FCI is generally undertaking procurement through State Civil Supplies Corporation.

Contd..........

(v) During the procurement in Kharif 2017-18, paucity of scientific warehouses was reported and it has also been experienced that Gujarat State Warehousing Corporation (GSWC) is not following the standard operating procedure for safe storage of procured stock. Incidents of fire in some of the godowns have occurred and adulteration of stock in one of the godowns is also reported which indicates that proper care and safety measures have not been taken by GSWC. The organisation suffers from acute shortage of traied manpower and the godowns hired by them are often far from the procuring areas and in some cases, the agencies had to cover over 300 km. for warehousing. Moreover, it is not possible for NAFED to verify the scientific appropriateness of the storage godowns as we do not have any expertise in this area. It would be better to task CWC or any other such agency to do the same before procurement is undertaken.

(vi) During the procurement of Groundnut under PSS in Kharif 2017-18, State Govenment of Gujarat had committed to utilize PSS stock of Groundnut under PDS but the commitment is yet to be fulfilled due to which still sizeable stock of around 3.37 Lakh MT is lying for disposal. When the procurement of Groundnut will start, disposal of this stock has to be suspended for the procurement period of 90 days which will add huge carry over cost and the stocks may be susceptible to deterioration.

2. In view of the above, NAFED is finding it difficult to undertake procurement in the State of Gujarat and, therefore, it is requested to assign the task of procurement in Gujarat to other procuring agencies approved by the Government.

This issues with the approval of competent authority.

(SK Verma)
ED (Pulses & Oilseeds)